ગુજરાતી સાહિત્ય

યુપીએસસી

ટોપિક-વાઈઝ

પેપર સેટ

2007
2019







મૃણાલ પટેલ, બ્રિજેશ પટેલ

VISIT…

LANZAROTE Caliente.COM

ગુજરાતી સાહિત્ય

યુપીએસસી

ટોપિક-વાઈઝ

પેપર સેટ

2007

2019







મૃણાલ પટેલ, બ્રિજેશ પટેલ

GUJARATI LITERATURE: TOPICWISE UPSC MAINS PAPERS

(2007-19)

Mrunal Patel
Brijesh Patel

Mrunal.org



Mrunal Patel,
Gujarat, India

Dedicated to

All the persons mentioned in the Preface

PREFACE / પ્રસ્તાવના

- યુપીએસસી સિવિલ સર્વિસીઝની મુખ્ય પરીક્ષામાં ગુજરાતી સાહિત્ય વૈકલ્પિક વિષયની તૈયારી વખતે ટોપિક-વાઈઝ પેપરસેટની ખૂબ અછત વર્તાતી હતી, એટલે આ કોરોના લોકડાઉનના સમયનો સદુપયોગ કરીને મેં (મૃણાલ પટેલ, Course Director, Unacademy) અને શ્રી બ્રિજેશ પટેલ (Faculty, SPIPA) આ ઈ-બુક તૈયાર કરી છે.
- પુસ્તકના શરૂઆતના ભાગમાં ટોપીકવાઈઝ રીતે પ્રશ્નો આપ્યા છે અને અંત ભાગમાં વર્ષવાર આ રીતે પણ 2007-2019ના પ્રશ્નપત્રો આપ્યા છે. એટલે તમારે વર્ષ મુજબ પણ પ્રશ્નપત્રોનો સંદર્ભ લેવો હોય તો અનુકૂળતા રહે.
- સૌપ્રથમ અમે આભારી છીએ આદરણીય ડો. સતીશ વ્યાસ સાહેબ, ડો. યોગેન્દ્ર વ્યાસ સાહેબ, ડો. કીર્તિદા શાહ મેડમ, ડો. પિંકી પંડ્યા મેડમ, ડો. હસુભાઈ યાજ્ઞિક સાહેબ, ડો. ચંદ્રકાંત ટોપીવાલા સાહેબ અને (સ્વ) ડો. ચિનુ મોદી 'ઈર્શાદ' સાહેબ કે જેમણે છેલ્લા એક દશકથી પણ વધારે સમયથી ગુજરાતી સાહિત્ય વિષય ભણાવીને કેટલાય ગુજરાતી ઉમેદવારોને યુપીએસસીમાં સફળ થવામાં મદદ કરી છે. અને (અમારા જેવા) જે વિદ્યાર્થીઓ UPSC માં સિલેક્ટ નથી થયા તે પણ આ સાહેબો અને મેડમોની તાલીમને લીધે,અલગ અલગ ક્ષેત્રોમાં સફળતાપૂર્વક આગળ વધી રહ્યા છે.
- શ્રી રમેશભાઈ ડી. ત્રિવેદીએ વર્ણવેલો એક પ્રસંગ યાદ આવે છે કે જ્યારે દિલ્હીના એક મોટા કોચિંગ માફિયામાં અમદાવાદમાં નવું નવું સેન્ટર શરૂ કર્યું ત્યારે એણે ઉપરોક્ત તજજ્ઞોને મોટી રકમની ઓફર આપી હતી કે "તમારે માત્ર મારા અમદાવાદના સેન્ટર માં જ ભણાવવા આવવાનું, મોં માંગી રકમ આપીશ, પણ શરત એ કે, તમારે બીજી કોઈ સેવાભાવી/મફત પ્રશિક્ષણ આપતી સંસ્થાઓમાં જવાનું નહીં! (જેથી કરીને તેને ત્યાં એડમિશન રેટ વધે, અને બધા વિદ્યાર્થીઓ જોડેથી સવા લાખ રૂપિયાની ફી પડાવી શકે!)" તો આ તજજ્ઞોએ ચોખ્ખી ના પાડી દીધી હતી કે, "અમારે તારા લૂંટ-બજારમાં સામેલ થવું નથી." આજના મૂડીવાદી અને ઉપભોક્તા વાદી સમાજમાં આવા સિદ્ધાંતો સાથે ચાલવું એ સાબિત કરે છે કે આ શિક્ષકો અલગ માટીના બનેલા છે.
- UPSC કોચિંગ ક્ષેત્રે, એકસમયે ગુજરાતના વિધાર્થીઓમાં ગુલામવાદી માનસિકતા ઘણી રહેલી હતી, દા.ત. દિલ્હીના માફિયા બજારથી કોઈ ફેકલ્ટી પધારે, તો શાષ્ટાંગ દંડવત થઈ જવાનું, અને એમના માટે કલાકે કલાકે એમની ફરમાઈશ મુજબ ફ્રુટ જ્યુસ ની વ્યવસ્થા કરવાની, ફાઈવ સ્ટાર હોટલમાં રહેવાની વ્યવસ્થા કરવાની, પરંતુ આપણા સ્થાનિક ફેકલ્ટી ભણાવવા આવે તો એમના પ્રત્યે એટલી કાળજી કે આદરભાવની ઉણપ જોવા મળતી. તેમ છતાં ગુજરાતી સાહિત્યના ઉપરોક્ત તમામ સાહેબો અને મેડમોએ વિદ્યાર્થીઓને ખૂબ

લાગણીથી ભણાવ્યા છે, અને આ પુસ્તકના મુખપૃષ્ઠ પર જે ફ્રુટ-જ્યુસનો ગ્લાસ મૂક્યો છે એ પ્રતીકાત્મક રૂપે અમે આ તજજ્ઞોને સમર્પિત કરીએ છીએ.

- આ પ્રસંગે અમને સ્મરણ થાય છે શ્રી રમેશભાઈ ડી. ત્રિવેદી (રિટા. ક્લાર્ક, સ્પીપા)નું, કે જેમણે 90ના દાયકામાં ગુજરાતી સાહિત્યના ઉપરોક્ત તજજ્ઞોની Dream-team ટીમ બનાવીને ગુજરાતી સાહિત્ય વિષયની મદદથી યુપીએસસી સિલેક્શનના યજ્ઞનો ગુજરાતમાં પ્રારંભ કરાવ્યો.
- 2018ની બૉલીવુડ ફિલ્મ 'ગોલ્ડ'માં અક્ષય કુમાર એક હોકી ટીમ મેનેજર તરીકે અલગ-અલગ ખેલાડીઓને ભેગા કરીને ઓલમ્પિકમાં ભારતને ગોલ્ડ જીતવામાં મદદ કરે છે. જો ત્રિવેદી સર ના જીવન પણ બાયોપિક ફિલ્મ બનાવવમાં આવે તો કદાચ એનાથી પણ વધારે રોચક હશે. કેમકે એ સમયે Facebook, Linkedin, Youtube, Whatsapp જેવી કોઇ સિસ્ટમ હતી ને કે સીધેસીધું કોઈ મોટા તજજ્ઞનો સંપર્ક કરી શકાય. ત્રિવેદી સરે સ્વયં અલગ-અલગ કોલેજ યુનિવર્સિટી માં ફરવું પડતું, પ્રોફેસરોના ટેલિફોન નંબર મેળવવા માટે યુનિવર્સિટીના કારકુનો આજીજી કરવી પડતી, કોલેજમાં ક્લાસ ચાલતા હોય ત્યારે છુપાઈને છેલ્લી બેંચ પર બેસીને, કયા પ્રોફસર કેટલું સારું કે બોરિંગ બનાવે છે તેનું અવલોકન કરવું પડતું. અગર ત્રિવેદી સરે "ગુજરાતી સાહિત્ય ભણાવવા ફેકલ્ટી જોઈએ છે" એવી ટચુકડી જાહેરાત છાપામાં આપીને સંતોષ માની લીધો હોત તો કદાચ આજે આપણે આ મુકામે પહોંચ્યા ન હોત.
- ટીમ સ્પીપાના માર્ગદર્શકો શ્રી પી.કે.લાહિરી સાહેબ (રીટા. આઈ.એ.એસ.), શ્રી વી આર એસ કોલગી સાહેબ (રીટા.આઈ.એ.એસ.) ના હાથ નીચે કામ કરીને અમને ઘણું શીખવા મળ્યું છે. ખાસ તો એ કે કોઈ પણ પ્રોજેક્ટમાં કેટલા રૂપિયા કે વાહવાહી મળવાની છે એની પરવા કર્યા વગર, માત્ર અને માત્ર પોતાનું સર્વોત્તમ યોગદાન આપવું! યુપીએસસીના વાર્ષિક અહેવાલ મુજબ ગુજરાતી સાહિત્ય સાથે મુખ્ય પરીક્ષા આપનાર ઉમેદવારો ની સંખ્યા વર્ષ 2017 માં 100 અને વર્ષ 2018 માં 91 હતી, એટલે આ ટોપિક વાઈઝ પેપરસેટમાં રોયલ્ટીની મોટી માતબર રકમ મળવાની સંભાવના નથી, તેમ છતાં ખૂબ ચીવટ પૂર્વક આ પ્રોજેક્ટને પૂરો કરવાનો અમે પ્રયત્ન કર્યો છે.
- અને આવી જ કર્મયોગી ભાવના ધરાવતા સ્પીપા ડાયરેક્ટર જનરલ શ્રી કે.એમ. ભીમજીયાણી સાહેબ (આઈ.એ.એસ.), જોઈન્ટ ડાયરેક્ટર શ્રીમતી શબાના કુરેશી, શ્રી પ્રદીપ સોલંકી, શ્રી આકાશ શાહ, અને અન્ય સ્ટાફ-મિત્રોનો અમે આભાર વ્યક્ત કરીએ છીએ.
- ટીમ સ્પીપાના ભૂતપૂર્વ અધિકારીઓ શ્રી વિપુલ મિત્રા સાહેબ (આઈ.એ.એસ.), શ્રીમતી અનિતા કરવાલ મેડમ (આઈ.એ.એસ.), શ્રી સંજય એલ અમરાણી સાહેબ (આઈ.એ.એસ.), શ્રી સતીશ પટેલ સાહેબ (આઈ.એ.એસ.), શ્રીમતી કવિતાબેન શેઠ મેડમ (જી.એ.એસ), શ્રીમતી પુષ્પાબેન નિનામા મેડમ(જી.એ.એસ), શ્રીમતી જાગૃતિબેન ત્રિવેદી (રજીસ્ટાર), કું. સંજીવનીબેન રાજપુત (લાઈબ્રેરીયન), શ્રી ડામોરજી, અને અન્ય તમામ વ્યક્તિઓ કે જેમણે સંસ્થાને આગળ વધારવામાં પોતપોતાની રીતે ફાળો આપ્યો છે, એમને આ પ્રસંગે અમે યાદ કરીએ છીએ.
- છેલ્લે, આભારી છીએ શ્રી ટી.એલ.પટેલ સાહેબ (રીટા. ડી.સી.એફ) અને શ્રી સિદ્ધાર્થ

પટેલ **(પી.ડી.પી.યુ.)** કે જેમણે આ પુસ્તક માટે ગુજરાતી ફોન્ટમાં પ્રશ્નોનું ટાઈપ સેટિંગ કર્યું.

- પ્રશ્નોના વર્ગીકરણ **(Classification)** માં કોઈ ક્ષતિ જણાય તો **Mrunal.org/contact** માં આપેલ ઓનલાઈન ફોર્મની મદદથી ધ્યાન દોરવા વિનંતી, જેથી નવી આવૃત્તિમાં સુધારો કરી શકાય.
- પ્રુફરીડિંગ, જોડણી સુધાર, Punctuation માત્રા/ચિન્હોની ભૂલો વગેરે, સમયના અભાવે વધારે જોઈ શકાઈ નથી એટલે એ બાબત ક્ષમાપ્રાર્થી છીએ.

- મૃણાલ પટેલ, બ્રિજેશ પટેલ

CONTENTS

GUJ.LITT PAPER-1: SYLLABUS/ અભ્યાસક્રમ

આધિકારિક રીતે યુપીએસસી માં ગુજરાતી સાહિત્યનો અભ્યાસક્રમ નીચે મુજબ છે પરંતુ અમે ટોપિકવાર વર્ગીકરણ માં કેટલીક છૂટછાટ લીધી છે. દા.ત. સેક્શન-A ના લૌકિક પરંપરા અને સેક્શન-B ના લોકસાહિત્યમાં સંશોધન એ બંનેને સાથે જ આવરી લીધા છે.

<u>સેક્શન-A</u>

1. ઇન્ડો-આર્યન યુગ થી લઇ ગુજરાતી ભાષાનો છેલ્લા એક હજાર વર્ષનો ઇતિહાસ
2. ગુજરાતી ભાષાનું ધ્વનિ-ઉચ્ચારણ વિજ્ઞાન: ફોનોલોજી, મોર્ફોલોજી અને સિન્ટેક્ષ (ધ્વનિ વ્યવસ્થા , રુપ વ્યવસ્થા , વાક્ય વ્યવસ્થા)
3. ગુજરાતી બોલીના પ્રમુખ પ્રકારો: સુરતી, પટ્ટણી, ચરોતરી, સૌરાષ્ટ્રી
4. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ:
    a. જૈન પરંપરા
    b. ભક્તિ પરંપરા: સગુણ અને નિર્ગુણ (જ્ઞાનમાર્ગી)
    c. લૌકિક પરંપરા
5. સુધારક યુગ
6. પંડિત યુગ
7. ગાંધી યુગ
8. અનુ-ગાંધી યુગ
9. આધુનિક યુગ


<u>સેક્શન-B</u>

10. રાસ, આખ્યાન અને પદ્યવાર્તા
11. પદ
12. ભવાઇ
13. નવલકથા
14. ટૂંકી વાર્તા
15. નાટક
16. સાહિત્યિક નિબંધ
17. ઊર્મિ કાવ્યો

18. વિવેચન
19. લોક પરંપરા માં તાજેતર ના સંશોધનો

GUJ.LITT PAPER-1: TOPIC FREQUENCY CHART

ગુજરાતી સાહિત્યના પેપર-2 ના અભ્યાસક્રમની કોઈ એક કૃતિ માંથી અનુક્રમે છેલ્લા પાંચ વર્ષ અને છેલ્લાં દસ વર્ષમાં કેટલી વાર પ્રશ્નો પુછાયા છે એનો ગ્રાફ઼ આ મુજબ છે.



- ઉલ્લેખનીય છે કે, એક જ વર્ષ માં કોઈ એક ટોપિકમાંથી એક થી વધુ પ્રશ્નો પૂછાયા હોય એવા કિસ્સા અમુક વર્ષોમાં બન્યા છે, દાખલા તરીકે 2019 માં "બોલી" ટોપીક માંથી ત્રણ પ્રશ્નો આવ્યા હતા:
    - 1d) ઉત્તર ગુજરાતની પટ્ટણી બોલીની લાક્ષણિકતાઓ.
    - 3c) મધ્ય ભારતીય આર્યભાષાઓનો વિકાસક્રમ આલેખો. દક્ષિણ ગુજરાતની સુરતી બોલી.
    - 4c) દક્ષિણ ગુજરાતની સુરતી બોલીની લાક્ષણિકતાઓ દર્શાવો.
- પરિણામ સ્વરૂપ ગત પાંચ વર્ષોમાં "બોલી" વિભાગમાંથી આપણને સાત પ્રશ્નો જોવા

મળે છે.

- અમારા વર્ગીકરણમાં તમને યુગ અંગેના પ્રશ્નો સરેરાશ ઓછા દેખાશે, જયારે કે ‘સ્વરૂપ’ અંગે ના પ્રશ્નો વધારે દેખાશે કારણકે,
    - “પંડિત યુગની કવિતાઓ” અંગેના પ્રશ્નને “પંડિત યુગના” માં મુકવાના બદલે “સ્વરૂપ: પદ્ય/કવિતા” શીર્ષકમાં,
    - “આનંદ શંકર ધ્રુવનું પ્રદાન” એ પ્રશ્નને “પંડિત યુગ” માં મુકવાના બદલે “સ્વરૂપ: વિવેચન” માં વર્ગીકૃત કરી દીધા છે.
    - ઝવેરચંદ મેઘાણી અંગેના પ્રશ્નો ગાંધીયુગમાં મુકવાને બદલે “સ્વરૂપ: લૌકિક/ લોકસાહિત્ય” માં મૂકી દીધા છે.
    - આ વર્ગીકરણ પદ્ધતિ રીવીઝન માટે વધુ ઉપયોગી છે.
- વધુમાં એ પણ ધ્યાન રાખવું કે પેપર-I માં કુલ 8 પ્રશ્નો પૈકી 5 પ્રશ્નો લખવાના હોય છે અને તેમાં પણ પ્રશ્ન નંબર 1 અને પ્રશ્ન નંબર 5 ફરજિયાત હોય છે.
- એટલે ફરજિયાત પ્રશ્નોના પેટાપ્રશ્નોમાં તમે તૈયારી સમયે omit/skip કરેલા ટોપીક પૈકી કોઈ પ્રશ્ન આવે તો અન્ય સિનિયર ઉમેદવારો સામે માર્ક્સ અને મેરીટની સ્પર્ધામાં તમે પાછા પડી જાવ એનું જોખમ રહેલું છે. મતલબ કે સફળતાનાં શોર્ટકટ, કીમિયાંબાજી, Guess Mastergiri™ વગેરે જરા વિચાર કરીને વાપરવી.

GLP1-BLOCK#1: ભાષાનો ઈતિહાસ, ઉચ્ચારણ,બોલીઓ

GLP1-BLOCK#1A: ભાષાનો ઈતિહાસ

1. ભારતીય આર્યભાષાઓમાં ગુજરાતી ભાષાના મહત્ત્વના સ્થાન અંગે જણાવો. (2019, 20m)
2. ગુજરાતી ભાષાના ઉદ્ભવ અને વિકાસની ચર્ચા કરો. (2017, 20m)
3. ભારતીય આર્યની અર્વાચીન ભૂમિકાનાં મહત્ત્વના લક્ષણો. (2015, 10m)
4. પ્રાચીન ગુજરાતીથી આજ સુધીના ગુજરાતી-ભાષાના વિકાસના તબક્કાઓ જણાવો. (2014, 20m)
5. ભાષાની પરિવર્તનશીલતા વિશે મુદ્દાસર નોંધ લખો (2011, 20m)
6. ગુજરાતીની પ્રાદેશિક બોલીઓનો વિગતે પરિચય કરાવો (2008, 60m)
7. ભાષાની પરિવર્તનશીલતાનાં કારણો (2008, 30m)

GLP1-BLOCK#1B: શબ્દ ભંડોળ, વ્યાકરણ

1. ગુજરાતી ભાષાના વાક્યપ્રકારો ઉદાહરણ આપી સમજાવો. (2018, 20m)
2. ગુજરાતી ભાષાના શબ્દ ભંડોળ વિશે માહિતી આપો. (2017, 10m)
3. ગુજરાતી વાક્યતંત્રની લાક્ષણિકતાઓ. (2016, 10m)
4. સંયુક્ત વાક્ય અને સંકુલ વાક્યનો ભેદ સ્પષ્ટ કરી વાક્યના પ્રકારો સદ્રષ્ટાંત ચર્ચો. (2015, 20m)
5. વાક્ય એટલે શું તે સમજાવી તેના વિવિધ પ્રકારની સદષ્ટાંત ચર્ચા કરો. (2014, 10m)
6. ગુજરાતી વાક્યતંત્રની લાક્ષણિકતાઓ (2010, 20m)
7. ગુજરાતી ભાષાનું શબ્દભંડોળ (2009, 20m)
8. ઉપપદ સમાસ, કર્મધારાય સમાસ અને અવ્યયીભાવ સમાસ સદ્રષ્ટાંત સમજાવો. (2007, 30m)
9. ગુજરાતી ભાષાની સમૃદ્ધિમાં અન્ય ભાષાઓના શબ્દોનું પ્રદાન (2007, 30m)

GLP1-BLOCK#1C: ધ્વનિ-ઉચ્ચારણ વિજ્ઞાન

1. વાણીના અવયવો અને તેના કાર્ય વિશે નોંધ લખો. ગુજરાતી ભાષાના ધ્વનિઘટકો. (2019, 10m)
2. ગુજરાતી ભાષાના ધ્વનિ ઘટકોનો પરિચય કરાવો. (2017, 20m)
3. ભાષામાં અર્થપરિવર્તનના પ્રભેદો જણાવો (2013, 10m)
4. ગુજરાતી ભાષાના ધ્વનિ ઘટકો (2013, 10m)
5. ગુજરાતી ભાષાનું ધ્વનિતંત્ર (2012, 12m)
6. ગુજરાતીના ધ્વનિઘટકો (2011, 30m)
7. માન્ય ગુજરાતીના અનુનાસિકો (2008, 20m)
8. માન્ય ગુજરાતીના સ્વરો અને અર્ધ સ્વરો. (2007, 20m)

GLP1-BLOCK#1D: બોલીના પ્રકારો

1. ઉત્તર ગુજરાતની પટ્ટણી બોલીની લાક્ષણિકતાઓ. (2019, 10m)
2. મધ્ય ભારતીય આર્યભાષાઓનો વિકાસક્રમ આલેખો. દક્ષિણ ગુજરાતની સુરતી બોલી. (2019, 10m)
3. દક્ષિણ ગુજરાતની સુરતી બોલીની લાક્ષણિકતાઓ દર્શાવો. મધ્યકાલીન લૌકિક પરંપરા. (2019, 10m)
4. સૌરાષ્ટ્રી બોલીનાં લક્ષણો ચર્ચો. (2018, 10m)
5. ઉત્તર ગુજરાતની પટ્ટણીબોલીની લાક્ષણિકતાઓ દર્શાવો. (2017, 10m)
6. ગુજરાતીની સૌરાષ્ટ્રી અને ચરોતરી બોલીની લાક્ષણિકતાઓ. (2016, 10m)
7. બોલીની વિભાવના અને સુરતી બોલીની લાક્ષણિકતાઓ. (2015, 10m)
8. ગુજરાતની પ્રાદેશિક બોલીઓનું વૈવિધ્ય. (2014, 10m)
9. પટ્ટણી અને ચરોતરી બોલીમાં સામ્ય-વૈષમ્ય તપાસો (2013, 10m)
10. ગુજરાતીની સુરતી અને પટ્ટણી બોલીની ધ્વનિવિષયક લાક્ષણિકતાઓ (2012, 12m)
11. પટ્ટણી બોલી (2009, 20m)

GLP1-BLOCK#2: યુગ

- મિત્રો, અહીંયા યુગ શીર્ષક હેઠળ તમને પ્રશ્નો ઓછા દેખાશે કેમકે અમે જે તે સ્વરૂપ માં એમને આવરી લીધા છે
- દા.ત. "પંડિત યુગની કવિતાઓ" અંગેના પ્રશ્નને "સ્વરૂપ: કવિતા શીર્ષક" માં છે,
- એજ રીતે "આનંદ શંકર ધ્રુવનું પ્રદાન" એ પ્રશ્નને પંડિત યુગમાં મુકવાના બદલે "સ્વરૂપ: વિવેચન" માં વર્ગીકૃત કરી દીધા છે.
- ઝવેરચંદ મેઘાણી અંગેના પ્રશ્નો ગાંધીયુગમાં મુકવાને બદલે લોકસાહિત્યમાં મૂકી દીધા છે.
- કેમકે જો તમો આ પદ્ધતિથી રીવીઝન કરશો તો વધુ લાભકારી રહેશે.

GLP1:- યુગ-મધ્યકાળ

1. મધ્યકાલીન ગુજરાતી પ્રબંધ સાહિત્ય (2012, 30m)
2. મધ્યકાલીન ગદ્યસાહિત્ય (2009, 20m)

GLP1:- યુગ સુધારક

1. નર્મદ યુગના સુધારકોની સાહિત્ય ઉપર પડેલી અસરો. (2019, 10m)
2. નર્મદની સાહિત્ય સેવાનો પરિચય કરાવો. પંડિતયુગની વિવેચનાના નોંધપાત્ર વિવેચકો. (2019, 10m)
3. નર્મદની સાહિત્ય સેવાની સમીક્ષા કરો (2017, 10m)
4. સુધારક યુગના પત્રકારત્વ પર નોંધ લખો. (2015, 10m)
5. સુધારકયુગની મહત્વની પાંચકૃતિના નામ, કર્તાના નામ અને પ્રકાશનવર્ષ જણાવો (2013, 20m)
6. સુધારક યુગનાં સાહિત્યિક સામયિકો (2011, 30m)

GLP1:- યુગ પંડિત

1. પંડિત યુગ ની વિવેચના (2007, 20m)
2. પંડિતયુગનાં સામયિકો: સ્વરૂપ અને કાર્ય (2012, 30m)
3. પંડિતયુગનાં સાહિત્યિક સામયિકો (2009, 30m)

GLP1:- યુગ ગાંધી

1. ગાંધીયુગના સાહિત્યમાં રાષ્ટ્રભાવના. (2018, 10m)
2. ગાંધીયુગનું ચરિત્ર સાહિત્ય (2013, 20m)
3. કિશોરલાલ મશરૂવાળાનું શિક્ષણલક્ષી સાહિત્ય (2013, 10m)

GLP1:- યુગ અનુગાંધી અને આધુનિકયુગ

1. અનુગાંધીયુગનાં લક્ષણો (2008, 20m)
2. આધુનિક ગુજરાતી કથા-સાહિત્યમાં વિચ્છિન્નતાનું આલેખન (2012, 30m)
3. અર્વાચીન સાહિત્યને ઘડનારાં સાંસ્કૃતિક પરિબળો (2008, 20m)

આધુનિકયુગમાં નારીસાહિત્ય

1. આધુનિક વાર્તા લેખિકાઓ. (2016, 20m)
2. ગુજરાતી કથા સાહિત્યમાં નારીવાદી વલણો (2013, 20m)
3. આધુનિક વાર્તા લેખિકાઓ (2010, 30m)
4. આધુનિક-આધુનિકોત્તર સ્ત્રી નવલકથાકારો (2009, 30m)
5. આધુનિક સ્ત્રી વાર્તાકારો (2008, 20m)

આધુનિકયુગમાં દલિત-સાહિત્ય

1. દલિત કવિઓની કવિતાઓમાં વ્યક્ત થતી દલિત સંવેદનાઓની ચર્ચા કરો. (2019, 10m)
2. અનુઆધુનિક ગુજરાતી વાર્તામાં નારીચેતના અને દલિત ચેતનાનું આલેખન. (2014, 20m)
3. ગુજરાતી દલિત કથા-સાહિત્યની દશા અને દિશા (2012, 30m)

આધુનિકયુગમાં ડાયસ્પોરા-સાહિત્ય

1. મધુરાયના કથાસાહિત્યમાં વ્યક્ત આધુનિકતા. (2019, 20m)
2. મધુરાયની નવલકથાઓ. (2015, 20m)
3. અમેરિકન ગુજરાતી ડાયસ્પોરા સાહિત્યમાં-વાર્તા ક્ષેત્રે કામ કરતા બે સર્જકોનું પ્રદાન લખો. (2014, 10m)
4. મધુ રાયનું નાટક અને નિબંધ ક્ષેત્રે પ્રદાન (2013, 20m)
5. વિદેશથી પ્રકાશિત થતાં ગુજરાતી સાહિત્યિક સામાયિકોની વિગતો ચર્ચો. (2014,

20m)
6. અનુગાંધીયુગ અને પછીના સમયગાળાના મહત્વના ગુજરાતી ડાયસ્પોરા સાહિત્ય સર્જકો (2013, 10m)
7. મધુરાય (2007, 30m)

નોંધ**:** અત્રે સાહિત્યકાર શ્રી મધુ રાય અંગેના પ્રશ્નો ને “સ્વરૂપ**:**નાટક/નવલ” એ શીર્ષકમાં વર્ગીકૃત કરવાને બદલે “યુગ**:** આધુનિક-ડાયસ્પોરા” માં જ સાંકળી લીધા છે, કારણકે યુપીએસસીમાં જયારે જયારે મધુરાય અંગે પૂછવામાં આવ્યું છે, તે મૂળ ડાયસ્પોરા સાહિત્ય અંગે ઉમેદવાર નું જ્ઞાન ચકાસવાના આશયે પૂછવામાં આવેલ હતું, એવું અમારું માનવું છે.

GLP1-BLOCK#3A-સ્વરૂપ-પદ્ય

નોંધ**:** મધ્યકાળમાં જે લખાયું હતું, તે મોટા ભાગનું સાહિત્ય પદ્ય સ્વરૂપે હતું, એટલે એ પ્રકારના પ્રશ્નો "યુગ" માં વર્ગીકૃત કરવાને બદલે "સ્વરૂપ:પદ્ય" ના પેટા-શીર્ષકમાં મૂકવું અમને 'રીવીઝન પોઇન્ટ ઓફ વ્યુ' થી વધુ અનુકૂળ જણાયું છે.

GLP1-BLOCK#3A-સ્વરૂપ-પદ્ય-મધ્યકાળ-પરંપરા જૈન

1. જૈનસાહિત્ય ક્ષેત્રે જૈન કવિઓએ કરેલા પ્રદાનને મૂલવો. નવલકથા રઘુવીર ચૌધરીના વિશેષો. (2019, 20m)
2. મધ્યકાલીન જૈન સર્જકોના સાહિત્ય પ્રદાનની સમીક્ષા કરો. (2018, 20m)
3. ગુજરાતી સાહિત્યમાં જૈન કવિઓના પ્રદાનને મૂલવો. (2017, 20m)
4. મધ્યકાલીન જૈનેતર સાહિત્ય પર નોંધ લખો. (2015, 10m)
5. મધ્યકાલીન ગુજરાતી જૈન સાહિત્યના પદોનો પરિચય કરાવો. (2014, 10m)
6. 'ભરતેશ્વર-બાહુબલિરાસ'- મૂલ્યાંકન (2013, 10m)
7. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની જૈનેતર પરંપરાનાં ફાગુકાવ્યો (2012, 12m)
8. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની જૈન પરંપરાના રાસ અને ફાગુ સ્વરૂપોનો પરિચય કરાવો (2011, 20m)
9. જૈન અને જૈનેતર ફાગુસાહિત્ય (2007, 20m)

GLP1-BLOCK#3A-સ્વરૂપ-પદ્ય-મધ્યકાળ-પરંપરા સગુણ/નિર્ગુણ/જ્ઞાનમાર્ગી

1. મીરાનાં પરમેશ્વર પ્રીતિના કાવ્યોની ચર્ચા કરો. મધ્યકાલીન સગુણભક્તિ પરંપરાના કવિઓનું પ્રદાન. (2019, 20m)
2. ગુજરાતી જ્ઞાનમાર્ગી કવિતા. (2018, 10m)
3. મધ્યકાલીન નિર્ગુણ ભક્તિ પરંપરાના કવિઓના પ્રદાનનું મૂલ્યાંકન કરો. (2018, 20m)
4. મધ્યકાલીન સાહિત્યમાં જ્ઞાનમાર્ગી કવિઓની કવિતાને મૂલવો. (2017, 20m)
5. મધ્યકાલીન જ્ઞાનમાર્ગી કવિતા. (2015, 20m)
6. મધ્યકાલીન ગુજરાતી સ્ત્રી કવિઓ (2013, 10m)
7. મધ્યકાલીન ગુજરાતી: કવિ ધીરો અને પ્રીતમ (2013, 20m)
8. સ્વામીનારાયણ સંપ્રદાયના પદ કવિઓ (2013, 10m)
9. અખાની કવિતામાં અદ્વૈતવાદ (2012, 12m)
10. મધ્યકાલીન ગુજરાતી જ્ઞાનમાર્ગી કવિતામાં અદ્વૈતવાદનું નિરૂપણ ક્યાં અને કેવી રીતે થયું છે તે સમજાવો (2011, 20m)
11. મધ્યકાલીન જ્ઞાનમાર્ગી કવિતાનો વિગતવાર પરિચય કરાવો (2009, 60m)
12. મધ્યકાલીન કવિતાની નિર્ગુણ ભક્તિધારાનોસદ્રષ્ટાંત પરિચય કરાવો. (2007, 10m)

GLP1-BLOCK#3A-સ્વરૂપ-પદ્ય-મધ્યકાળ-પરંપરા ભક્તિ

1. પ્રાગ્ નરસિંહયુગની ભાષાની લાક્ષણિકતાઓ. (2018, 10m)
2. નરસિંહ મહેતાના પદ્ય-સાહિત્યમાંના પ્રદાનની ચર્ચા કરો. (2018, 10m)
3. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં પ્રેમલક્ષણા ભક્તિની કવિતાના મહત્ત્વનાં ત્રણ કવિઓ. (2016, 10m)
4. પ્રાગ્ નરસિંહયુગનું સાહિત્ય. (2016, 20m)
5. નરસિંહના જ્ઞાનભક્તિનાં પદો. (2016, 10m)
6. નરસિંહની પ્રેમલક્ષણા ભક્તિની કવિતા. (2015, 10m)
7. નરસિંહ અને અખાની તત્વદર્શી કવિતાનો વિગતે પરિચય કરાવો. (2014, 20m)
8. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં પ્રેમલક્ષણા ભક્તિ (2013, 20m)
9. મધ્યકાલીન કવિતામાં પ્રેમલક્ષણા ભક્તિ (2010, 20m)
10. નરસિંહનાં જ્ઞાનબોધનાં પદો (2010, 20m)
11. પ્રાગ્- નરસિંહ યુગનું જૈનેતર સાહિત્ય (2009, 20m)
12. મધ્યકાલીન ભક્તિમાર્ગી કાવ્યધારા (2008, 20m)

GLP1-BLOCK#3A-સ્વરૂપ-પદ્ય-આખ્યાન

1. આખ્યાન સ્વરૂપની ચર્ચા કરી પ્રેમાનંદના આખ્યાનોની સમીક્ષા કરો. પ્રાગ્ નરસિંહયુગનું સાહિત્ય. (2019, 20m)
2. પ્રેમાનંદના આખ્યાનોમાં હાસ્યરસની ઉદાહરણ સાથે સમીક્ષા કરો. (2018, 20m)
3. આખ્યાનાં અંતરંગ અને બહિરંગ તત્વો દર્શાવી આખ્યાન સ્વરૂપના વિકાસની ચર્ચા કરો. (2017, 20m)
4. ભાલણનાં આખ્યાનો. (2016, 10m)
5. આખ્યાન સ્વરૂપની લાક્ષણિકતાઓ. (2015, 10m)
6. મધ્યકાલીન આખ્યાન કાવ્યોમાં પ્રેમાનંદની રસસંક્રાંતિ કળા વિશે સદ્રષ્ટાંત લખો. (2014, 10m)
7. નાકર અને વિષ્ણુદાસનાં આખ્યાનો. (2014, 20m)
8. પ્રેમાનંદનાં ચરિત્રપરક આખ્યાનો (2010, 20m)
9. ભાલણની કવિતાની વિશેષતાઓ સદ્રષ્ટાંત ઓળખાવો (2012, 12m)
10. આખ્યાન: સ્વરૂપ અને વિકાસ (2009, 20m)
11. પ્રેમાનંદની કથનકળા (2008, 20m)
12. ‘સંદેશક રાસ’, ‘નળાખ્યાન’ અને ‘મદનમોહના’ માંથી કોઈપણ બે કૃતિઓનું મૂલ્યાંકન કરો (2007, 10m)
13. આખ્યાન સાહિત્યનાં સ્વરૂપ લક્ષણો (2007, 20m)

GLP1-BLOCK#3A-સ્વરૂપ-પદ્ય-પદ્યવાર્તા, ખંડકાવ્ય

1. રા. વિ. પાઠક ની વાર્તાઓની સમીક્ષા કરો. પદ્યવાર્તાની સ્વરૂપગત લાક્ષણિકતાઓ દ્રષ્ટાંત સાથે. (2019, 10m)
2. પદ્યવાર્તાના વિકાસમાં શામળે કરેલા પ્રદાનને મૂલવો. (2017, 10m)
3. પદ્યવાર્તાની સ્વરૂપગત લાક્ષણિકતાઓ ઊદાહરણ સાથે. (2016, 20m)
4. પદ્યવાર્તા અને ખંડકાવ્ય વચ્ચેનો સ્વરૂપભેદ સ્પષ્ટ કરો. (2014, 10m)
5. પદ્યવાર્તા અને ફાગુની સ્વરૂપગત વિશેષતાઓ (2013, 10m)
6. રા. વિ. પાઠકની પદ્યવાર્તાની નાયિકાઓ (2012, 12m)
7. 'મદનમોહના' નો સમીક્ષાત્મક પરિચય (2011, 30m)
8. પદ્યવાર્તાના વિશેષો (2008, 30m)
9. ખંડકાવ્યનાં સ્વરૂપ લક્ષણો (2008, 30m)

GLP1-BLOCK#3A-સ્વરૂપ-પદ્ય-પદ

1. મધ્યકાળ સાહિત્ય સ્વરૂપોમાં પદસ્વરૂપની લાક્ષણિકતાઓ. (2019, 10m)
2. બ્રહ્માનંદ અને રાજેની પદ કવિતા મૂલવો. (2014, 20m)
3. દયારામનું પદલાલિત્ય (2011, 20m)
4. મધ્યકાળનાં સાહિત્ય સ્વરૂપોમાં મુક્તક અને પદ અંગે જણાવો. ઊર્મિ કવિ રમેશ પારેખ. (2019, 20m)
5. દયારામના પદોમાં કૃષ્ણભક્તિની ઉદાહરણ આપી ચર્ચા કરો. (2018, 20m)
6. પદ સ્વરૂપની લાક્ષણિકતાના સંદર્ભમાં નરસિંહ મહેતાનાં જ્ઞાનભક્તિનાં પદોની ઉદાહરણ સાથે ચર્ચા કરો. (2017, 20m)
7. મધ્યકાલીન પદ સ્વરૂપ ના લક્ષણો (2016, 10m)
8. પદનાં ઘટકબળો પર નોંધ લખો. (2015, 20m)
9. નરસિંહનાં આત્મચરિત્રાત્મક પદો (2009, 30m)

GLP1-BLOCK#3A-સ્વરૂપ-પદ્ય-કવિતા, ઊર્મિકાવ્ય, સોનેટ, ગઝલ

1. ગુજરાતી ગીત-કવિતાના સ્થિત્યંતરો દર્શાવો. (2018, 10m)
2. ઊર્મિકવિતાનાં લક્ષણ વિશેષો (2012, 30m)
3. ઊર્મિકાવ્યના પ્રકારો અને લક્ષણો (2013, 10m)
4. સોનેટની લાક્ષણિકતાઓ વિગતે ચર્ચો. (2015, 20m)
5. ગુજરાતી સોનેટ કવિતાની વિકાસરેખા (2013, 20m)
6. ગુજરાતી સાહિત્યમાં સોનેટ (2007, 20m)
7. ગઝલનું સ્વરૂપ દર્શાવી અમૃત ઘાયલની ગઝલોનો પરિચય કરાવો. (2015, 20m)
8. આધુનિક ગુજરાતી ગઝલમાં પ્રયોગશીલતા (2012, 30m)
9. ગુજરાતી અછાંદસ્ કવિતાની ભૂમિકા અને વિભાવના (2012, 30m)
10. આધુનિક ગુજરાતી ગઝલ (2010, 30m)

કવિતાઓને લગતા નિમ્ન પ્રશ્નો એવા છે કે જે ‘યુગ’ માં પણ વર્ગીકૃત કરી શકાય, પણ રીવીઝનમાં સરળતા હેતુ અત્રે મુક્યા છે

કવિતાઓ: સુધારક યુગની

1. દલપતરામની કવિતાની લાક્ષણિકતાઓ જણાવો. (2018, 10m)
2. નર્મદની દેશભક્તિની કવિતા. (2015, 10m)
3. સુધારક યુગની કવિતા (2010, 20m)
4. સુધારકયુગની કવિતા (2009, 30m)

કવિતાઓ: પંડિત યુગની

1. પંડિતયુગની કાવ્ય ક્ષેત્રે થયેલી પ્રવૃત્તિ જણાવો. (2019, 10m)
2. ન્હાનાલાલની અપધ્યાપદ્ય શૈલીનો પરિચય કરાવો. સુધારક યુગના કાવ્ય વિશેષો. (2019, 10m)
3. કલાપીની કવિતામાં પ્રણયાનુભૂતિ: ઉદાહરણ આપી ચર્ચા કરો. (2018, 20m)
4. કવિ કાન્તના ખંડકાવ્યો ની લાક્ષણિકતાઓ. (2016, 10m)

5. ન્હાનાલાલની ઊર્મિ કવિતાના વિશેષો જણાવો. (2014, 20m)
6. પંડિતયુગમાં થયેલી કાવ્ય તત્વ વિચારણા (2013, 20m)
7. ગુજરાતી સાહિત્યના પંડિતયુગની કવિતા ઉપર સંસ્કૃત સાહિત્યનો પ્રભાવ (2012, 12m)

કવિતાઓ: ગાંધી યુગની

1. સુન્દરમના કવિ અને કવિતા વિશેના વિચારો જણાવો. ઉમાશંકર જોશીની કવિતાના વિશેષો. (2019, 20m)
2. ઉમાશંકર જોશીના એકાંકીઓની ચર્ચા કરો. વિવેચક સુન્દરમ્ ના કવિ અને કવિતા વિશેના વિચારો. (2019, 10m)
3. ઊર્મિ કવિ ન્હાનાલાલના પ્રદાનનું મૂલ્યાંકન કરો. (2018, 20m)
4. મેઘાણીની કવિતાઓમાં નિરુપાયેલ વિષય વૈવિધ્ય વિશે ઉદાહરણ સાથે ચર્ચા કરો. (2017, 20m)
5. ઉમાશંકર જોશીની કવિતાના વિશેષો. (2016, 20m)
6. ઊર્મિકવિતાની લાક્ષણિકતાઓ. (2016, 20m)
7. 'કાન્ત' અને 'ઉશનસ્' ની છાંદસ કવિતાનો પરિચય કરાવો. (2014, 10m)
8. બ. ક. ઠાકોર ની કાવ્યતત્વવિચારણા સ્પષ્ટ કરો. (2015, 20m)
9. ગાંધીયુગની કવિતામાં પ્રતિબદ્ધતા (2010, 30m)
10. ગાંધીયુગની કવિતા (2008, 30m)

કવિતાઓ: અનુ ગાંધી યુગ અને આધુનિક યુગની

1. કવિ પ્રહલાદ પારેખના કાવ્યો અંગે જણાવો. (2019, 10m)
2. રાજેન્દ્ર શાહની ગીતરચના અને સોનેટરચના વિશે સાધાર ચર્ચા કરો. (2017, 20m)
3. રમેશ પારેખની ગીતરચનાઓ વિશે સમીક્ષાત્મક નોંધ લખો. (2017, 10m)
4. અનુગાંધીયુગની કવિતાની ઉદાહરણ સાથે ચર્ચા કરો. (2018, 20m)
5. નિરંજન ભગતની કવિતામાં આધુનિકતા. (2016, 20m)
6. આધુનિક ગુજરાતી દીર્ઘકવિતા. (2016, 10m)
7. અર્વાચીન કવિતા ઉપર ગાંધી પ્રભાવ દર્શાવો. (2014, 20m)
8. અનુ-ગાંધી યુગની કવિતા. (2015, 10m)
9. આધુનિક ગુજરાતી કવિતા (2007, 20m)
10. સુંદરમ્ (2007, 30m)
11. અનુગાંધીયુગ ની નગર કવિતા (2010, 30m)
12. સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી ગીત-કવિતા (2009, 30m)
13. અનુગાંધીયુગની કવિતાના વિશેષો (2007, 30m)
14. આધુનિક ગીતકવિતા (2007, 30m)

15. જયંત પાઠકના પ્રકૃતિ રાગના કાવ્યોની ચર્ચા કરો. નિરંજન ભગતની કવિતાના વિશેષો. (2019, 20m)
16. આધુનિક ગુજરાતી દીર્ઘકવિતા (2011, 30m)

GLP1-BLOCK#3B-સ્વરૂપ-ગદ્ય

GLP1-BLOCK#3B-સ્વરૂપ-ગદ્ય-ટૂંકી વાર્તા

મોટાભાગે પરીક્ષકોને રા.વિ. પાઠક અને જયન્ત ખત્રી બહુ ગમે છે, વારંવાર પ્રશ્નો પૂછ્યા છે.

1. હિમાંશી શેલતની વાર્તાઓમાં વ્યક્ત સામાજિક સંદર્ભ ને તપાસો. ચુનીલાલ મડિયાની વાર્તાઓના વિશેષો. (2019, 10m)
2. જયંત ખત્રીની વાર્તાસૃષ્ટીનો પરિચય કરાવો. આધુનિક ગુજરાતી સ્ત્રીસર્જકો (વાર્તાકાર) (2019, 10m)
3. રા. વિ. પાઠક ની વાર્તાકળાના વિશેષો "દ્વિરેફની વાતો" ને આધારે જણાવો. (2018, 20m)
4. સુરેશ જોશીની વાર્તાકલા (2013, 20m)
5. ટૂંકીવાર્તાની સ્વરૂપગત લાક્ષણિકતાઓ દર્શાવી ધૂમકેતુના વાર્તાવિશ્વનો પરિચય કરાવો. (2017, 20m)
6. મહત્વની આધુનિક ગુજરાતી ટૂંકી વાર્તાઓ. (2016, 10m)
7. ટૂંકી વાર્તા અને એકાંકી ની તુલના. (2015, 10m)
8. વાર્તાકાર સુન્દરમની સિદ્ધિ-મર્યાદાઓ. (2015, 10m)
9. કિશોર જાદવની વાર્તાકળા. (2015, 10m)
10. રા. વિ. પાઠકનું વાર્તા ક્ષેત્રે પ્રદાન. (2015, 10m)
11. જયંત ખત્રી અને સરોજ પાઠકની ટૂંકી વાર્તાઓ. (2014, 20m)
12. મધુ રાયની હરિયાજૂથની વાર્તાઓ (2012, 30m)
13. ગુજરાતી ટૂંકી વાર્તામાં સ્થિત્યંતરો (2012, 12m)
14. રા. વિ. પાઠક અને જયંત ખત્રીનું વાર્તાવિધ (2011, 30m)
15. ગુજરાતી ટૂંકીવાર્તામાં નારી ચેતનાનું આલેખન (2011, 30m)
16. આધુનિક ગુજરાતી વાર્તામાં ઘટનાલોપ (2010, 30m)
17. ગુજરાતી ટૂંકી વાર્તાનાં મહત્વનાં સ્થિત્યંતરો દર્શાવી, તેનો અભ્યાસ રજૂ કરો (2009, 60m)
18. જયંત ખત્રી (2008, 30m)
19. વાર્તાકાર જયંતિ દલાલ (2007, 20m)

GLP1-BLOCK#3B-સ્વરૂપ-ગદ્ય-નવલકથા

1. પન્નાલાલ પટેલની જાનપદી નવલકથાઓની સમીક્ષા કરો. લોકકથાની પ્રકૃતિ અને સ્વરૂપો. (2019, 10m)
2. ગુજરાતી નવલકથા સાહિત્યના મુખ્ય પડાવો અંગે વિગતે ચર્ચા કરો. (2018, 20m)
3. ચંદ્રકાંત બક્ષીની નવલકથાઓમાં નિરૂપાયેલી આધુનિક વલણોની ચર્ચા કરો. (2017, 10m)
4. ક. મા. મુન્શીની ઐતિહાસિક નવલકથાઓનો પરિચય કરાવો. (2017, 10m)
5. ગુજરાતી નવલકથાઓમાં થયેલા રચનારીતિના પ્રયોગો વિશે જણાવો. (2017, 10m)
6. ર. વ. દેસાઈની નવલકથાઓમાં સમાજચિત્ર. (2016, 20m)
7. રઘુવીર ચૌધરીની પ્રાદેશિક અને ઐતિહાસિક નવલકથાઓના વિશેષો. (2016, 20m)
8. રઘુવીર ચૌધરી અને ધીરુબેન પટેલ નવલકથાકાર તરીકે કઈ રીતે નોખાં પડે છે તેની ચર્ચા કરો. (2014, 10m)
9. ઐતિહાસિક નવલકથાના સ્વરૂપ સંદર્ભે દર્શકકૃત 'સોક્રેટિસ' નો પરિચય કરાવો. (2014, 10m)
10. કનૈયાલાલ મુનશીની નવલકથાનાં નારીપાત્રો (2013, 10m)
11. નવલકથા સ્વરૂપનાં ઘટકતત્વો (2012, 30m)
12. ગુજરાતી પ્રયોગશીલ નવલકથાઓ (2011, 30m)
13. ગુજરાતી નવલકથાના આધુનિક પ્રવાહો (2010, 30m)
14. આધુનિક નવલકથા સ્વરૂપની લાક્ષણિકતાઓ સદ્રષ્ટાંત સમજાવો (2008, 60m)
15. રઘુવીર ચૌધરીની નવલકથાઓ (2007, 20m)

GLP1-BLOCK#3B-સ્વરૂપ-ગદ્ય-નાટક

1. નાટ્યક્ષેત્રે સતીશ વ્યાસના પ્રદાનની ચર્ચા કરો. (2019, 20m)
2. આધુનિક એકાંકીના વિશેષોની ચર્ચા કરો. (2018, 10m)
3. રમણભાઈ નીલકંઠની નાટ્યકળાના વિશેષો તારવી આપો. (2018, 10m)
4. લોકનાટ્યની વિશેષતાઓ અંગે વિસ્તારથી ચર્ચા કરો. (2018, 10m)
5. ઉમાશંકર જોશીના પદ્ય-નાટકોની વિશેષતા- મર્યાદા જણાવો. (2018, 20m)
6. રમણભાઈ નીલકંઠે હાસ્યક્ષેત્રે કરેલા પ્રદાનને મૂલવો. (2017, 10m)
7. ચિનુ મોદીની નાટ્યસૃષ્ટિની વિલક્ષણ વિલક્ષણતાઓ દર્શાવો. (2017, 10m)
8. નાટકના સ્વરૂપની વિશેષતા દર્શાવી ચંદ્રવદન ચી. મહેતાએ નાટ્યક્ષેત્રે કરેલા પ્રદાનને મૂલવો. (2017, 20m)
9. ઍબ્સર્ડ નાટકના પ્રયોગો. (2016, 10m)
10. સાંપ્રત ચરિત્રલક્ષી નાટકો પર નોંધ લખો. (2015, 10m)
11. સુધારક યુગનાં નાટકોનું પ્રયોજન સમજાવો. (2014, 10m)
12. ગુજરાતીમાં આધુનિક નાટકોનો પરિચય કરાવો. (2014, 20m)
13. એકાંકી સાહિત્ય સ્વરૂપની લાક્ષણિકતાઓ જણાવો. (2014, 10m)
14. ‘સાપના ભારા’ એકાંકી સંગ્રહમાં નારી સમસ્યા (2013, 10m)
15. ગુજરાતી ઍબ્સર્ડ નાટકો (2013, 10m)
16. સિતાંશુ યશશ્ચંદ્રની આધુનિક કવિતા અને નાટક (2013, 20m)
17. સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી એકાંકીઓ (2012, 30m)
18. ગુજરાતી નાટ્યસાહિત્યનો વિકાસક્રમ (2011, 20m)
19. નાટ્ય સ્વરૂપની વ્યાવર્તકતા જણાવો (2010, 30m)
20. ગાંધીયુગનું નાટ્યસાહિત્ય (2009, 30m)
21. ગાંધીયુગનાં નાટકો (2007, 30m)
22. સુધારક યુગનાં નાટકો (2007, 30m)

GLP1-BLOCK#3B-સ્વરૂપ-ગદ્ય-નિબંધ, પ્રવાસ

1. નિબંધ સ્વરૂપની લાક્ષણિકતાઓ જણાવી ભોળાભાઈ પટેલના નિબંધો. (2019, 20m)
2. સુન્દરમનું પ્રવાસ સાહિત્ય. (2018, 10m)
3. નિબંધક્ષેત્રે સુરેશ જોશીનું પ્રદાન: ઉદાહરણ આપી સમીક્ષા કરો. (2018, 10m)
4. લલિતનિબંધની વિશેષતાઓ જણાવી કેટલાક નોંધપાત્ર નિબંધકારોના પ્રદાનની વિગતો આપો. (2018, 20m)
5. પ્રવીણ દરજીની નિબંધસૃષ્ટિનો પરિચય કરાવો. (2017, 10m)
6. સુરેશ જોશીના લલિતનિબંધોની વિશેષતા ચર્ચો. (2017, 10m)
7. રામનારાયણ પાઠકનું નિબંધ સાહિત્યમાં પ્રદાન. (2016, 10m)
8. સુધારક યુગના નિબંધના લક્ષણો. (2016, 10m)
9. નિબંધ સ્વરૂપના લક્ષણો. (2016, 10m)
10. નિબંધકાર ઉમાશંકર જોશીની વિશેષતાઓ ચર્ચો. (2015, 20m)
11. નિબંધના સાહિત્યસ્વરૂપની વિકાસરેખા સ્પષ્ટ કરો. (2015, 20m)
12. પ્રવાસ નિબંધના સ્વરૂપ સંદર્ભે 'વિદિશા' નો પરિચય કરાવો. (2014, 10m)
13. કાકાસાહેબના નિબંધોમાં સંસ્કૃતિ ચિંતન. (2014, 20m)
14. નિબંધકાર ભોળાભાઈ પટેલ (2013, 10m)
15. ગુજરાતી પ્રવાસ સાહિત્ય (2012, 12m)
16. ગુજરાતી લલિત નિબંધ (2010, 20m)
17. નિબંધસ્વરૂપનાં લક્ષણો દર્શાવો (2010, 30m)
18. પંડિત યુગના ચિંતનાત્મક નિબંધો (2010, 30m)
19. દસમા દાયકાનો ગુજરાતી લલિત નિબંધ (2009, 20m)
20. પંડિતયુગનું નિબંધસાહિત્ય (2008, 30m)
21. કાકાસાહેબ કાલેલકર (2008, 30m)
22. સુરેશ જોષી (2007, 30m)
23. ગાંધીયુગનું નિબંધ સાહિત્ય (2007, 30m)

GLP1-BLOCK#3C-સ્વરૂપ-લૌકિક

લૌકિક પરંપરા એટલે લોકોમાં પરંપરાગત રીતે કહેવાતી કથાઓ અને ગવાતા ગીતો. સામાન્ય રીતે એમનો કોઈ એક નિશ્ચિત સર્જક હોતો નથી.

1. લૌકિક પરંપરાને ઉજાગર કરતી અસાઈતકૃત ‘હંસાઉલી’ ની ચર્ચા કરો એબ્સર્ડ નાટકના પ્રયોગો. (2019, 10m)
2. મધ્યકાલીન લૌકિક પરંપરા વિશે નોંધ લખો. (2017, 10m)
3. લૌકિક પરંપરા અને કથનતત્વનો સંબંધ દર્શાવો. (2015, 20m)

GLP1-BLOCK#3C-સ્વરૂપ-લૌકિક-રાસ, ગરબા, ગરબી

1. દયારામની ગરબીઓમાં શૃંગારનું નિરૂપણ.. (2016, 20m)
2. રાસની વિશિષ્ટતાઓ સવિસ્તર ચર્ચો. (2015, 20m)
3. મધ્યકાલીન રાસા સાહિત્ય (2010, 30m)
4. મધ્યકાલીન ગુજરાતી રાસ-રાસાનું સ્વરૂપ (2009, 30m)
5. મધ્યકાલીન રાસરચનાઓ (2008, 20m)

GLP1-BLOCK#3C-સ્વરૂપ-લૌકિક-ભવાઇ

1. ભવાઈનો લક્ષણો જણાવી રંગલાના પાત્રની આવશ્યકતા જણાવો લોકનાટ્યમાં ભવાઈનું સ્થાન અને તેમાં સમાજદર્શન. (2019, 20m)
2. ભવાઈમાં રંગલાના પાત્રનું મહત્વ શા માટે છે તે સમજાવો. (2018, 10m)
3. લોકનાટ્ય તરીકે 'ભવાઈ' ની લાક્ષણિકતા દર્શાવી તેના વિકાસનો નિર્દેશ કરો. (2017, 10m)
4. ભવાઈના વિકાસમાં અસાઈતનું પ્રદાન. (2016, 20m)
5. ભવાઈ પરંપરાનો પરિચય કરાવો. (2015, 10m)
6. 'ભવાઈ' માં લોક તત્વો. (2014, 10m)
7. 'ભવાઈ' વિશેષતાઓ અને મર્યાદાઓ (2013, 10m)
8. લોકનાટ્ય ભવાઈનાં લક્ષણવિશેષો (2011, 30m)
9. અસાઈતના ભવાઈવેશ (2009, 20m)

GLP1-BLOCK#3C-સ્વરૂપ-લૌકિક-લોકસાહિત્ય/સઁશોધન

1. આદિવાસી સંશોધન, સંપાદન ક્ષેત્રે ભગવાનદાસ પટેલ નું પ્રદાન. (2019, 20m)
2. લોકપરંપરાના સાહિત્ય સંશોધનની દિશાઓ. (2018, 10m)
3. લોકવાર્તામાં સામાજિક સંદર્ભો કઈ રીતે સંકળાયેલા હોય છે તેની ઉદાહરણ આપી ચર્ચા કરો. (2018, 10m)
4. લોક કથા સાહિત્યનું સ્વરૂપ. (2016, 10m)
5. લોક સાહિત્ય ક્ષેત્રે રેવાબહેન શંકરભાઇ તડવી દંપતિનું પ્રદાન. (2016, 20m)
6. લોક સાહિત્યકાર ઝવેરચંદ મેઘાણીનું મૂલ્યાંકન કરો. (2015, 20m)
7. ડૉ. શાંતિભાઈ આચાર્ય સંશોધિત-સંપાદિત લોકસાહિત્યનો પરિચય કરાવો. (2014, 10m)
8. લોકસાહિત્યના વાર્ષિક-ત્રિમાસિક ‘લોકગુર્જરી’ નું પ્રદાન ચર્ચો. (2014, 10m)
9. ગુજરાતી લોકસાહિત્યમાં થયેલું સંપાદન-સંશોધન કાર્ય (2013, 20m)
10. લોકસાહિત્યનાં સંશોધન-સંપાદનની સમસ્યાઓ (2012, 30m)
11. ગુજરાતી લોકસાહિત્ય અને આદિવાસી સાહિત્ય (2011, 30m)
12. લોક સાહિત્યના સંશોધનની પદ્ધતિઓ (2011, 30m)
13. હસુ યાજ્ઞિક અને કનુભાઈ જાનીનું લોકસાહિત્યના ક્ષેત્રે સંશોધન-સંપાદન (2011, 30m)
14. લોકસાહિત્યના સાંપ્રત સંશોધકો (2010, 30m)
15. લોકસાહિત્યના સંશોધનની સમસ્યાઓ (2009, 20m)
16. લોકસાહિત્યમાં થયેલાં સંશોધન - સંપાદન (2008, 20m)
17. મધ્યકાલીન તથા લોકસાહિત્યના સંશોધનના પ્રશ્નો (2007, 20m)
18. લોક કથા અને લોકગીતો વિષયક થયેલાં સંશોધનોની માહિતી આપો. (2017, 20m)
19. ગુજરાતી લોકગીતો (2010, 20m)
20. મૌખિક પરંપરામાં લોકવાર્તા. (2007, 30m)

GLP1-BLOCK#3D-સ્વરૂપ વિવેચન

1. ગુજરાતી વિવેચનના આધુનિક પ્રવાહો જણાવો. (2018, 10m)
2. ઉમાશંકર જોશીની કૃતિવિવેચના વિશે નોંધ લખો. (2017, 10m)
3. ગુજરાતી વિવેચન સાહિત્યમાં થયેલી કાવ્ય તત્વ વિચારણા અંગે વિસ્તૃત માહિતી આપો. (2017, 20m)
4. પ્રમોદ કુમાર પટેલની સૈદ્ધાંતિક વિવેચના વિશે નોંધ લખો. (2017, 10m)
5. સુરેશ જોશીનું મધ્યકાલીન સાહિત્ય સંશોધન ક્ષેત્રે પ્રદાન. (2016, 20m)
6. પંડિતયુગની વિવેચનાની મહત્વની ચાર સ્થાપનાઓ અને તેના સ્થાપક વિવેચકો. (2016, 10m)
7. ગુજરાતી આધુનિક વિવેચનનો ઈતિહાસ - મહત્ત્વના પાંચ વિવેચકોને સંદર્ભે. (2016, 10m)
8. સુરેશ જોષીની વિવેચન વિભાવના. (2015, 10m)
9. નવલરામનું વિવેચનક્ષેત્રે પ્રદાન મૂલવો. (2015, 10m)
10. ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે આનંદશંકર ધ્રુવનું પ્રદાન જણાવો. (2014, 10m)
11. ગાંધીયુગના સૈદ્ધાંતિક-તત્વદર્શી વિવેચકો. (2014, 20m)
12. ગાંધીયુગના વિવેચક શ્રી સુન્દરમ્ નું સૈદ્ધાંતિક વિવેચન (2013, 20m)
13. સ્વરૂપ ચર્ચા (2013, 10m)
14. ઉમાશંકર જોશીનું સૈદ્ધાંતિક વિવેચન (2012, 30m)
15. ગુજરાતી વિવેચનમાં રૂપરચનાવાદ (2012, 12m)
16. આધુનિક ગુજરાતી વિવેચન (2011, 30m)
17. પંડિતયુગનું સૈદ્ધાંતિક વિવેચન (2011, 20m)
18. પંડિતયુગનું સૈદ્ધાંતિક વિવેચન (2010, 30m)
19. ગુજરાતી પ્રત્યક્ષ વિવેચન (2010, 20m)
20. પંડિતયુગનું વિવેચન (2009, 30m)
21. આધુનિક યુગનું વિવેચન (2008, 30m)
22. આચાર્ય આનંદશંકર ધ્રુવનો સાહિત્યવિચાર (2007, 20m)
23. આધુનિક ગુજરાતી સાહિત્યમાં વિવેચનની ગતિવિધિ (2007, 20m)

GUJ.LITT PAPER-2: SYLLABUS/ અભ્યાસક્રમ

આધિકારિક રીતે યુપીએસસી માં ગુજરાતી સાહિત્યનો અભ્યાસક્રમ નીચે મુજબ છે, અને એ જ ક્રમમાં અમે પ્રશ્નો નું વર્ગીકરણ કર્યું છે:

<u>સેકશન-**A**</u>


1. <u>મધ્ય કાળની સાહિત્યકૃતિઓ</u>
    1. વસંતવિલાસ ફાગુ- અજ્ઞાતકૃત
    2. કાદંબરી-ભાલન
    3. સુદામાચરિત્ર-પ્રેમાનંદ
    4. ચંદ્ર ચંદ્રાવતી-શામળ
    5. અખેગીતા
2. <u>સુધારક યુગ અને પંડિત યુગ</u>
    1. મારી હકીકત-નર્મદ
    2. ફાર્બસ વિરહ-દલપત
    3. સરસ્વતિચંદ્ર- ગોવર્ધનરામ ત્રિપાઠી
    4. પૂર્વાલાપ-કાન્ત
    5. રાઈનો પર્વત-રમણભાઇ નીલકંઠ

<u>સેકશન-**B**</u>

3. <u>ગાંધીયુગ અને અનુ-ગાંધીયુગ</u>
    1. હિંદસ્વરાજ-ગાંધી
    2. પાટણની પ્રભુતા-કનૈયાલાલ મુનશી
    3. કાવ્યની શક્તિ-રા.વિ.પાઠક
    4. સૌરાષ્ટ્રની રસધાર- ઝવેરચંદ મેઘાણી
    5. માનવીની ભવાઇ- પન્નાલાલ પટેલ
    6. ધ્વનિ - રાજેન્દ્ર શાહ
4. <u>આધુનિક યુગ</u>
    1. સપ્તપદી - ઉમાશંકર જોષી
    2. જનાન્તિકે - સુરેશ જોષી
    3. અશ્વસ્થામા- સિતાંશુ યશશ્ચન્દ્ર

GUJ.LITT PAPER-2: TOPIC FREQUENCY CHART

ગુજરાતી સાહિત્યના પેપર-2 ના અભ્યાસક્રમની કોઈ એક કૃતિ માંથી અનુક્રમે છેલ્લા પાંચ વર્ષ અને છેલ્લાં દસ વર્ષમાં કેટલી વાર પ્રશ્નો પુછાયા છે એનો ગ્રાફ, પ્રશ્નોની સંખ્યા ના ઉતરતા ક્રમમાં ગોઠવે તો આ મુજબ છે.



How many Qs from a given Text/Kruti?
Last 10 years (2008-19)
Last 5 years (2015-19)
ધ્વનિ - રાજેન્દ્ર શાહ
24
10
હિંદસ્વરાજ-ગાંધી
22
10
અખેગીતા
18
9
પાટણની પ્રભુતા-કનૈયાલાલ...
18
9
સુદામાચરિત્ર-પ્રેમાનંદ
25
9
સૌરાષ્ટ્રની રસધાર-ઝવેરચંદ મેઘાણી
16
9
ચંદ્ર ચંદ્રાવતી-શામળ
16
8
પૂર્વાલાપ-કાન્ત
17
8
રાઈનો પર્વત-રમણ નીલકંઠ
16
8
સરસ્વતિચંદ્ર-ગોવર્ધનરામ ત્રિપાઠી
18
8
કાવ્યની શક્તિ-રા.વિ.પાઠક
12
7
માનવીની ભવાઇ-પન્નાલાલ પટેલ
18
7
સપ્તપદી - ઉમાશંકર જોષી
19
7
ફાર્બસ વિરહ-દલપત
13
6
વસંતવિલાસ
17
6
કાદંબરી-ભાલણ
8
5
જનાન્તિકે - સુરેશ જોષી
12
5
મારી હકીકત-નર્મદ
10
5
અશ્વસ્થામા- સિતાંશુ યશચંદ્ર
7
4
0
5
10
15
20
25

- અમુક વર્ષોમાં કૃતિ વિશે અંગે 1) સામાન્ય પ્રશ્ન પૂછવામાં આવે અને અલગથી 2) તે જ કૃતિની પંક્તિ/ ડાયલોગ અંગે પણ એ જ વર્ષે અલગથી પ્રશ્ન પૂછવામાં આવેલ હોય, એવા કિસ્સા ઘણા છે. આ કારણોસર તમને વર્ષની સામે પ્રશ્નોની સંખ્યા વધારે દેખાશે દાખલા તરીકે માનવીની ભવાઈ માંથી છેલ્લા પાંચ વર્ષમાં સાત પ્રશ્નો પુછાઈ ચુક્યા છે.
- ઉપરોક્ત ગ્રાફ મુજબ જે કૃતિઓ ઓછી વાર પુછાઈ છે (દાત કાદમ્બરી, જનાન્તિકે, મારી હકીકત અને અશ્વત્થામા) , એમને "ઓપ્શનમાં કાઢી નાખીશું કે *omit/skip* કરી દઈશું" એ પ્રકારની રણનીતિ બનાવતા હો તો અંગ્રેજીમાં કહેવત છે, "Take it with a pinch of salt!"
- કારણ કે પેપર-II માં કુલ 8 પ્રશ્નો પૈકી 5 પ્રશ્નો લખવાના હોય છે અને તેમાં પણ પ્રશ્ન નંબર 1 અને પ્રશ્ન નંબર 5 ફરજિયાત હોય છે.
- આ પરિસ્થિતિમાં, ફરજિયાત પ્રશ્નોના પેટાપ્રશ્નોમાં skip કરેલા પૈકીની કોઈ કૃતિમાંથી પ્રશ્ન આવે તો અન્ય સિનિયર ઉમેદવારો સામે માર્ક્સ અને મેરીટની સ્પર્ધામાં તમે પાછા પડી જાવ એનું જોખમ રહેલું છે.

GLP2-BLOCK#1-કૃતિઓ મધ્યકાળની

GLP2:- વસંતવિલાસ

1. ‘વસંત વિજય’ ખંડકાવ્ય માં પ્રકૃતિ એક પાત્ર તરીકે (2019, 15m)
2. ‘વસંત વિલાસ’નો પ્રધાન રસ કયો છે તે દ્રષ્ટાંતો આપી સમજાવો (2019, 15m)
3. ‘વસંત વિલાસ’ પ્રકૃતિની પીઠિકા પર પ્રણયનું ગાન. (2018, 15m)
4. "અલિમકચંદોહે મુહરિયા કુહરિયા સવિ સહકાર,
5. વસંત તણા ગુણ ગહગહયા મહામહયા સવિ સહકાર" (2017, 10m)
6. ‘વસંતવિલાસ’ માં પ્રકૃતિ અને પ્રણયનું આલેખન. (2016, 20m)
7. રસનિષ્પત્તિની દ્રષ્ટિએ ‘વસંતવિલાસ’માં ઉદ્દીપન વિભાવ તરીકે પ્રકૃતિનું મહત્વ. (2015, 20m)
8. "કામુક જનમનજીવનું તી વનુ નગર સુરંગું,
9. રાજૂ કરઇ અવિભંગિહિં રંગિહિં રાઉ અનંગું." (2014, 10m)
10. ‘વસંતવિલાસ’માં તત્કાલીન સમાજનું નિરૂપણ’ (2014, 15m)
11. "ઈણિ પરિ નિજ પિયુ રંજવે, મધુર-વચન એ પાસ,
12. ધન ધન તે ગુણવંત જે ગાયે વસંત વિલાસ." (2013, 10m)
13. ભમરલા છાંડિ ન પાખલ ખાંખલ થ્યાં અમ્હ સઈર ચાંદુલા સઈરસંતાપણ આપણ તાં નહીં વઈર. (2012, 12m)
14. ‘વસંત વિલાસ’ ફાગુનાં લક્ષણોને ઉદ્ઘાટિત કરે છે. (2012, 15m)
15. "કેસૂયકલી અતિ વાંકુડી આંકુડી મયણચી જાણિ
16. વિરહિણીનાં ઈણિ કાલિ જ કાલિજ કાઢએ તાણિ." (2011, 15m)
17. ‘વસંતવિલાસ’ માં પ્રણયસંદર્ભે પ્રકૃતિના સંકેતો (2011, 15m)
18. ‘વસંતવિલાસ’ ની વસ્તુસંકલના (2010, 30m)
19. ‘વસંતવિલાસ’ માં પ્રકૃતિનિરૂપણ (2010, 30m)
20. ‘વસંત વિલાસ’ માં જીવન ઉલ્લાસનાં ચિત્રો. (2009, 15m)
21. ‘વસંતવિલાસ’ ની અન્યોક્તિઓ. (2008, 15m)

GLP2:- કાદંબરી-ભાલણ

1. ‘કાદમ્બરી’ માં ભાલણની અભિવ્યક્તિ કલા. (2018, 15m)
2. “નામિ નરપતિ ત્રાસ જ પામિ જે મહાબલિયા યોધ, શત્રુ મંડલિનિ ભાસિ નરહરી ના સમમુ ક્રોધ” (2017, 10m)
3. ‘કાદમ્બરી’ માં ભાલણની કથનકળાની યથાર્થતા દર્શાવો. (2017, 15m)
4. ‘કાદમ્બરી’ માં ભાવવાહી ચિત્રો. (2016, 15m)
5. ‘કાદમ્બરી’ નાં સ્ત્રી પાત્રો. (2015, 15m)
6. ‘કાદમ્બરી’ માં ભાલણની આખ્યાનકલા. (2014, 15m)
7. ‘કાદમ્બરી આખ્યાન’ પીડાથી પ્રસન્નતા સુધીની યાત્રાનું કાવ્ય છે. (2012, 20m)
8. ‘કાદમ્બરી’ માં ભાલણનું ભાષાપ્રભુત્વ (2011, 15m)
9. ‘કાદમ્બરી’ની વર્ણનકળા (2007, 15m)

GLP2:- સુદામાચરિત્ર-પ્રેમાનંદ

1. "દોહ્યલા હર્યાં ને સોહયલાં કર્યાં કર્યા, ભાવ માટે ભૂધરે; એક મૂઠી તાંદુલે જે વિભૂતિ, તે લક્ષ યસે નવ જડે." (2019, 10m)
2. ‘સુદામાચરિત’ માં સખ્યભક્તિનો મહિમા કઈ રીતે થયો છે તે સમજાવો. (2019, 15m)
3. "ત્રુટી સરખી ઝૂંપડી ને લુંટી સરખી નાર, છળ્યાં સરખા છોકરાં ન મળ્યાં બીજી વાર." (2018, 10m)
4. ‘સુદામા ચરિત્ર’ મૈત્રીકાવ્ય કે ભક્તિકાવ્ય? (2018, 20m)
5. “ ભાભી અમારાં વઢકણાં, તે શું લોહીડું શોષે ?” (2017, 10m)
6. ‘સુદામા ચરિત’ આખ્યાનના કથાવસ્તુમાં નિરૂપિત વિવિધ રસના ઉપલક્ષમાં આખ્યાનકાર પ્રેમાનંદના સર્જકકર્મ નું મૂલ્યાંકન. (2017, 15m)
7. "કો કહે ઈન્દુ, કો કહે કામ, એને રૂપે હાર્યો કેશવરામ." (2016, 10m)
8. "એક મહિનો તમે શું કહો એક પલક ન જાએ, દેહમાં જીવ રહે નહિ બીજોગ તમારો થાયે." (2016, 10m)
9. આખ્યાનકૃતિ તરીકે પ્રેમાનંદનું ‘સુદામાચરિત્ર’. (2015, 20m)
10. અજાચક વ્રતમેં મૂક્યું આજ,ખોઈ લાખ ટકાની લાજ. (2014, 10m)
11. ‘સુદામા ચરિત્ર’માં વ્યક્ત થતું મૈત્રીનું મહિમાગાન. (2014, 15m)
12. શેં દુઃખી તમે દુબળા મારા મિત્રસનેહી ? (2013, 10m)
13. ‘સુદામાચરિત્ર’ માં પ્રેમાનંદની પાત્ર નિરૂપણ કળા. (2013, 25m)
14. ‘સુદામાચરિત્ર’ માંથી પ્રગટતું પ્રેમાનંદનું દર્શન સમજાવીને આખ્યાનકૃતિ તરીકે મૂલ્યાંકન કરો. (2012, 30m)
15. ‘આ દનના બાપડાનાય ટાંટીયા ભૂખેભાંગી ગયા છે કે શું ? તે હેંડતા જ નથી.’ (2012, 12m)
16. "ઘટે છે શું દેવી ! હૃદય પર આ નિર્દય થવું ? અરેરે આ આવું પ્રબળ દુઃખ મારે કયહિ જવું ?" (2011, 15m)
17. ‘સુદામા ચરિત્ર’ ભક્તિકાવ્ય મૈત્રીકાવ્ય ? (2011, 15m)
18. પ્રેમાનંદના આખ્યાનોમાં રસ નિરૂપણ વિશે વિવિધ વિવેચકોના નિરીક્ષણો. (2011, 30m)
19. આજ પ્રભુજી મુજને મળ્યા, દેહી પુષ્ટ જ થાશે. (2010, 20m)
20. ‘પ્રેમાનંદ કૃત સુદામા ચરિત્ર’ : પરંપરા - પોતીકાપણું (2010, 30m)
21. ‘સુદામા ચરિત્ર’ માં પ્રેમાનંદનું રસ નિરૂપણ (2010, 30m)

22. “છો લાખ વાર દયાળુ દેવ મનુષ્ય કુંદનને કશે.” (2009, 20m)
23. ‘સુદામા ચરિત્ર’ માં આખ્યાનકાર પ્રેમાનંદનું વર્ણનકૌશલ્ય. (2009, 15m)
24. “જેનું લે તેનો નહિ રાખે બહાર, હરિને નિંદું મુજને ધિક્કાર.” (2008, 20m)
25. પ્રેમાનંદ કૃત ‘સુદામાચરિત્ર’ સખ્યભક્તિના કાવ્ય તરીકે મૂલ્યાંકન કરો (2008, 60m)
26. ‘સુદામા ચરિત્ર’ ને આધારે પ્રેમાનંદની આખ્યાન કલાની સદ્રષ્ટાંત સમીક્ષા કરો. (2007, 60m)

GLP2:- ચંદ્ર ચંદ્રાવતી-શામળ

1. એક મહિનો તમે શું કહો એક પલક ન જાયે, દેહમાં જીવ રહે નહિ બીજોગ તમારો થાયે. (2019, 10m)
2. ચંદ્ર-ચંદ્રાવતી વારતામાં શૃંગારનિરૂપણ (2019, 15m)
